
…ના અને મરણભય.

મહાત્મા મોહનદાસ કરમચંદ ગાંધી.

[illegible] જેલમાં પૂરો, છતાં ઝોટ નમાવે છે.



[illegible] અહીં [illegible] ગમાવે છું.

:શક—વેલજી દેવરાજ શાહ. ન્યુ ચીચબંદર મુંબઇ નં. ૯

સને ૧૯૨૨.] મૂલ્ય અર્ધો આનો. [સંવત ૧૯૭૮.

મરણભય.

(લેખક:—મહાત્મા મોહનદાસ કરમચંદ ગાંધી.)

સ્વરાજની ઘણી વ્યાખ્યાઓ હું એકઠી કરી રહ્યો છું તેમાં એક એ પણ આવે છે કે સ્વરાજ્ય એટલે મરણભયનો ત્યાગ. જે પ્રજા મરણના ભયથી અકળાય તેનાથી સ્વરાજ ન મેળવી શકાય, ન રાખી શકાય. ઈંગ્રેજો મરણને ખીસામાં રાખીને ફરે છે; આરબો પઠાણો મરણને સામાન્ય વ્યાધિની જેમ ગણે છે; સગાંનું મરણ થાય ત્યારે રોતા કકળતા નથી. બોઅર સ્ત્રીઓ મરણભયને જાણતી જ ન હતી. બોઅર લડાઈ વેળાયે હજારો જુવાન બોઅર સ્ત્રીઓ વિધવા થઈ. તેની તેમણે દરકાર ન કરી. ભલે મારો ધણી કે પુત્ર મુઓ પણ મારા દેશની આબરૂ તો રહી, અને જો દેશ ગુલામ બને તો ધણીનું શું કરવું હતું? ગુલામ છોકરાને ઉછેરવા કરતાં તેના શબને દાટવું ને તેના આત્માનું સ્મરણ કરવું એ જ બસ છે, આમ પોતાના મનને સંતોષીને અસંખ્ય બોઅર ઓરતોયે ધીરજ રાખી પોતાનાં વહાલાંને જતાં કર્યાં.

આ બધા મારે છે ને મરે છે. પણ જેઓ મારતા નથી ને મરે છે, તેમનું શું? તેવાને તો જગત્ પૂજે છે. તેવાથી દેશ આબાદ થાય છે. ઈંગ્રેજ અને જર્મન બન્ને ઝુઝ્યા; બન્નેએ માર માર્યો ને માર ખાધા. પરિણામ એ આવ્યું છે કે વેર વધ્યાં છે, અશાંતિ વધી છે ને અત્યારે યુરોપની સ્થિતિ દયામણી થઈ પડી છે. પાખંડ વધ્યો છે ને એક બીજાને છેતરવાની પેરવી થઈ રહી છે. પણ જે મરણભયને આપણે છોડવા મથી રહ્યા છીએ એ તો શુદ્ધ યજ્ઞ છે અને તેથી આપણે થોડાજ સમયમાં મોટી જીત મેળવવાની આશા રાખીએ છીયે.

પ્રાર્થના.

ॐकारबिन्दुसयुक्तं नित्यं ध्यायन्ति योगिनः ।
कामदं मोक्षदं चैव ॐकाराय नमोनमः ॥

માલિની.

સકળ જગતનું તત્ત્વ તું એક સાચું,
સુખદ સ્મરણ તારું હું કરી છેક રાચું;
પરમ પુનિત તારી પ્રાર્થના માત્ર યાચું,
વિમળ અકળ તારા નામમાં નિત્ય નાચું.

*　　*　　*

શિખરિણી.

તમે મારા માળી મલિન મનની શુદ્ધિ કરશો,
તરૂ તેમાં રોપી વિમળ જળ સીંચી ખીલવશો;
ફળે ફાલે ફૂલે અતિ હિત કરે આ જીવનનું!
કરો એવું ત્રાતા ઉપવન બને તો મનનનું.

*　　*　　*

માલિની.

મન વચન શરીરે રાખ તું શુદ્ધ ધારા,
ભવનિધિ જલમાંથી, તારશું [illegible]આરા,
ત્રિવિધ વિપદ તાપે, આ તપે [illegible] બાળે,
રતિપ્રેમ રસ સીંચી તાપ તેનો નિવારો.

—રતિલાલ દુર્લભ શ્યામ ધ્રુવ.

વસંતતિલકા.

નિદ્રામહીં નહિં હતું તન ભાન જ્યારે,
જેણે જુઓ પરણ રક્ષણ કીધું ત્યારે;
તેને પ્રભાત સમયે પ્રથમે સ્મરૂં રે,
ભાવી બધા દિવસના પછીથી કરૂં રે.

—મ૦ બ૦ હોરા.

શિખરિણી.

*　　*　　*

અસત્યો માંહિથી પ્રભુ પરમ સત્યે તું લઇ જા,
ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઇ જા;
મહા મૃત્યુમાંથી અમૃત સમીપે નાથ લઇ જા,
તું હીણો હું છું તો તુજ દરશના દાન દઇ જા.

પિતા પહેલો આઘે જગત વિંટતો સાગર રહે,
અને વેગે પાણી, સકળ નદીના તે ગમ વહે;
વહો એવી નિત્યે મુજ જીવનની સર્વ ઝરણી,
દયાના પુણ્યોના તુજ પ્રભુ મહાસાગર ભણી.

થતું જે કાયાથી ઘડીક ઘડી વાણીથી ઉચરૂં,
કૃતિ ઇંદ્રિયોની મુજ મન વિષે ભાવજ સ્મરૂં;
સ્વભાવે બુદ્ધિથી શુભ અશુભ જે કાંઇક કરૂં,
ક્ષમા ઇચ્છે લેખો તુજ ચરણમાં નાથજી ધરૂં.

—કવિ નાનાલાલ દલપતરામ.

હે જગદ્ગુરો! અમને જ્ઞાન આપ. અમારું અધ્યયન તેજસ્વી થાઓ. સ્વધર્મની, સ્વદેશની અને સ્વભાષાની સેવા કરવાને અમને જ્ઞાનબળ અને તપોબળ આપ. અમે એકબીજા પ્રત્યે ક્ષમાવૃત્તિ ધારણ કરીને એકબીજા પર પ્રેમ કરીએ એવી પ્રસન્નતા આપ. અમારાં હૃદયમાં તારું સ્મરણ હમેશ રહો.

*

હે ભાગ્યવિધાતા! મારું જીવન અને મૃત્યુ બન્ને તારા હાથમાં છે. મારા જીવનનો સ્વામી હું છું અને મારું મૃત્યુ દૈવાધીન છે એમ હું કેમ કહી શકું? તે તો નાસ્તિકતા કહેવાય. મારા જીવનના અણુ-અણુમાં મને તારું દર્શન થાઓ અને મરણ માટે મારી સદા તૈયારી રહો. મારી ગાફેલપણાની ઘડીએ મૃત્યુનો પંજો મારા ઉપર ન પડો. આટલી મારી પ્રાર્થના કાને ધર, હે પ્રભો, આટલીજ મારી પ્રાર્થના છે.

*

હે ઇતિહાસ વિધાતા! વિશ્વંભર! ભૂતકાળ અમારા સ્મૃતિપટ પરથી ભૂંસાઇ ગયો છે. વર્તમાનકાળનું યથાર્થ આકલન કરવાની શક્તિ અમારી દૃષ્ટિમાં રહી નથી. ચાલુ ક્ષણની અને તરતની જરૂરીયાતો અને વાસનાઓની પાર અમારાથી જોઇ શકાતું નથી. પછી ભવિષ્યકાળ નિરખવાની દિવ્ય દૃષ્ટિ ક્યાંથી આવે? હે, કાળસ્વરૂપી પરમેશ્વર! અમારાં નેત્ર ઉઘાડ. વર્તમાન પરિસ્થિતિ અને શ્રેયઃ સાધનનો માર્ગ સ્પષ્ટ દાખવનારી દિવ્ય દૃષ્ટિ અમને આપ.

*

હે હૃદયચાલક પ્રભો ! તારી પ્રેરણાથી, કર્તવ્ય ગણીને આત્મોદ્ધારના પ્રયત્ન કરતાં સંકટથી ન ડગે એવું ધૈર્ય અને અલ્પલાભથી પ્રયત્નચ્યુત ન થાય એવી સ્થિરતા અમને આપ. પ્રભો અમને આર્યોના વંશમાં તેં જન્મ આપ્યો છે. અમારો ત્યાગ અને અમારો ભોગ આર્યવૃત્તિને છાજે એવોજ રહે એવું આર્યોનું શીલ અમને આપ. આર્યોનું તેજ અમને આપ. સ્વાધીન સ્થિતિમાં કે પરાધીન સ્થિતિમાં અમારી વૃત્તિ હીન થવા દઈશ નહિ.

* * * *

અમને જે દીક્ષા મળી છે તેને લાયક અમારૂં જીવન નથી. તેથી તે દીક્ષામંત્ર રોજ ને રોજ અમે ભૂલી જઈએ છીએ અને મોહમાં સપડાઈ અમારાં જીવનને અનુકૂળ એવો જ તે દીક્ષામંત્રનો અર્થ કરીએ છીએ. પ્રભો ! અમારા દીક્ષામંત્રને જાગ્રત રાખવાને જેટલી દૃઢ સ્મૃતિ અને શુદ્ધ દૃષ્ટિ જોઈએ તેટલી આપ અને અમારૂં જીવન ઉચ્ચતર અને પ્રાણપૂર્ણ કરવા જેટલી કઠોરતા અમને આપ. અમે પોતાની દયા ખાઈ બગડી જઈએ છીએ. પોતાના તરફ, પ્રભો ! અમને કઠોરતા આપ, કઠોરતા આપ; અને અમારા ભાઈઓ પ્રત્યે પ્રેમની અને ક્ષમાની કોમળતા આપ.

* * * *

પ્રભો ! દુનિયામાં સત્ય અને અસત્ય મિશ્રિત છે. અમારી વૃત્તિ શુદ્ધ નથી. અમને સત્ય વીણીને ભેગું કરવાની કળા તેમજ શક્તિ આપ. એજ અમારી મધુકરી વૃત્તિ થાઓ.

—**કાકા કાલેલકરના લેખોમાંથી.**

નવા વર્ષનું "પણ."

નવીન વર્ષે પણ કરૂં છું, કે સ્વદેશની દીક્ષા લઇશ; તારે આશ્રમે, તારે ચરણે, હે ભારત ! શિક્ષણ લઇશ.

પારકાનાં ભૂષણ, પારકાનાં વસ્ત્ર, અને પારકાનાં અન્ન આજે ત્યાગીશ; **ભલે દીન હોઇશ પણ હીન નહિ બનું,** પારકાની ભિક્ષા ત્યાગીશ. નવીન વર્ષે પણ કરૂં છું, કે સ્વદેશની દીક્ષા લઇશ.

મહેલ ભલે નહિ હોય, કલ્યાણ વડે સુપવિત્ર એવી ઝુંપડી તો છે. નગર ભલે નહિ હોય, ફળ ફુલથી સુપવિત્ર તારાં વન તો છે. તારાથી જેટલો દૂર હઠી ગયો છું તેટલો તને નાનો કરીને દેખું છું. આજે હે હૃદયરાજ, તને સમીપથી જોઉં છું તો તું પુરાતન મિત્ર છે. હે તાપસ, તારી પર્ણકુટી કલ્યાણ વડે સુપવિત્ર છે.

પારકાના વચનથી તારાથી પારકો બની ગયો છું ને તને લજવું છું ને હું યે લાજું છું. તને ભૂલવા માટે મેં મ્હોં ફેરવી લીધું છે અને પારકાના શણગાર સજ્યા છે. પણ તું તેને કંઇ ગણતો નથી, કંઇ બોલતો નથી, અન્તરમાં રહીને મંત્ર જપ્યા કરે છે; તારૂં સનાતન દયાનું આસન મારાં અસ્થિ-મજ્જામાં છે. પારકાનાં બોલથી તને ભૂલી ગયો તે માટે તને લજવું છું અને હું યે લાજું છું.

એ બધા શણગાર આજે ત્યાગીશ ને તારી દીક્ષા લઇશ. તારા પાય નીચે એકાન્તમાં બેસીને તારૂં શિક્ષણ શીખીશ.

તારો ધર્મ, તારૂં કર્મ, અને તારા મંત્રનો ગંભીર મર્મ ઉપાડી લઇશ, બીજું બધું ભૂલી જઇશ, પારકાની ભિક્ષા ત્યજી દઇશ અને તારા ગૌરવમાં ગર્વ માનીશ, તારી દીક્ષા લઇશ.

—કવિવર રવીન્દ્રનાથ ઠાકુર.

(નવજીવન તા૦ ૧૧-૧૧-૨૭)

૬

પ્રભો જેવું હતું તેવું ફરી ભારત બનાવી દો !

પ્રભો ! જેવું હતું તેવું, ફરી ભારત બનાવી દો !
જૂનું તો છો રહ્યું જૂનું, નવા જગને બતાવી દો !
રજત રત્નો સ્ફટિક કાંચન, ખનિજ ધન રક્ષનારાઓ,
પહાડોના સદા સાવધ, ખડા પહેરા ભરાવી દો !

વનૌષધથી ભર્યાં ભારે, હરિત્ ઘન વૃક્ષરાજિના,
વનો વનરાજ વ્યાઘ્રોની, ભીષણ ઘોરે ગજાવી દો !
તૃણાગારે જઇ ચરતાં, અહીં તહીં ધેનુનાં વૃન્દો,
સુરીલી ગોપ જનની વાંસળી વ્હાલી બજાવી દો !

ગિરિ ગહ્વર પતિત પાવન, પ્રદાતા મોક્ષનાં તીર્થો,
તપસ્વી સાધુ સંતોની અલખ ધુનથી જગાવી દો !
પઠન પાઠન પ્રવૃત્તિની પ્રકર્ષક પર્ણકુટીઓ,
ગુરૂવર શિષ્ય ગભરૂ બ્રહ્મચારીથી સુહાવી દો !

સનાતન ધર્મનો સદ્બોધ દેતા શાસ્ત્રના જ્ઞાને,
હૃદય ઊંડાણુથી અજ્ઞાનની આંધી ઉડાવી દો !
સુભટ નરવીર રણધેલા, ધુરન્ધર રાજનીતિજ્ઞો,
પ્રતાપી કર્મવીરોથી, વરદ કાર્યો કરાવી દો !

સુપુત્રોની સુખી જનની, ગૃહિણી ગૃહલક્ષ્મીના,
પ્રસન્ન વદને ગૃહસ્થોના, ગૃહાંગણીયાં દીપાવી દો !
અતુલ વૈભવ અને વિજ્ઞાનથી ભૂષિત ભારતની;
નવા જગથી ભલે ભગવન ! પછી તુલના કરાવી દો !

—નેશનલ મયરી–સુરત.

૧૧૮-૧૯

પ્રાર્થના.

શુદ્ધ હૃદયની પ્રાર્થનામાં ચમત્કાર રહેલો છે. એ દ્વારા આત્મા વધારે ને વધારે પોતાની શુદ્ધિ માટે ઝંખના કરે છે; અને એ રીતે મેળવેલી શુદ્ધિનો કોઈ ઉંચા કામમાં ઉપયોગ થાય ત્યારે જ તે પ્રાર્થના કહેવાય.

પ્રાર્થના એટલે ઇશ્વરની પાસે સંસારી સુખ કે બીજી સ્વાર્થ સાધવાની વસ્તુઓ માગવી એ નથી. પ્રાર્થના એ ક્લેશ પામેલા આત્માનો ગંભીર નાદ છે,

આત્મભોગ, નમ્રતા અને કર્મબળ કેળવવા સારૂ જોઇતી તાલીમ મેળવવાને પણ પ્રાર્થના જેવું બીજું એક સાધન નથી.

પ્રાર્થના સમજપૂર્વક અને ચોક્કસ રીતે થાય ત્યારે જ તે ખરી કહેવાય. મનુષ્યે તેની સાથે તન્મય થઈ જવું જોઇએ. આપણું મન કશી દિશામાં ભટકતું હોય, ત્યારે પ્રભુના નામના મણકા ફેરવવા નકામા છે.

મરણ ભય.

મરણ એ ચાલતી સ્થિતિનું અનિવાર્ય પરિવર્તન છે, તેમાં શા સારૂ ગભરાટ છુટવો જોઇએ? જન્મ એ પણ એજ બનાવની નિશાની છે, તેમાં શા સારૂ જયઘોષ કરતા હોઈશું? બન્ને સ્થિતિમાં આપણે પોતાને સારૂ તેમજ સર્વ સંસાર સારૂ મુક્તિ ઇચ્છીએ છીએ.

હિંદુસ્થાનમાં મરણભય ઓછામાં ઓછો હોવો જોઇએ. આપણે આત્માને અમર માનીએ છીએ, શરીરને તો ક્ષણભંગુર જાણીએ છીએ. આત્મા પોતાના કર્મને અનુસરીને નવા દેહો ધારણ કરતો જાય છે, ત્યાં મરણનો ભય કે શોચ જ શો? મૃત્યુ આજ આવો કે કાલ, તેનો ભય રાખ્યા વિના આપણે આપણો ધર્મ પાળવો, ફરજ બજાવવી એ જ શુદ્ધ પુરૂષાર્થ છે,

—મહાત્મા ગાંધીજી.

જ્યારે આપણને સ્વરાજ મળશે ત્યારે આપણામાંના ઘણાયે મરણભય છોડયો જ હશે, અથવા તો સ્વરાજ નહિ મળ્યું હોય. હજુ તો જુવાન છોકરાઓ જ ઘણેભાગે મર્યા છે. અલીગઢમાં જેઓ મર્યા તે બધા એકવીસ વર્ષની અંદરના હતા. તેઓને કોઈ જાણતું ન હતું. જો સરકારને હજુ ગોળીબાર કરવા જ હોય તો હું જરૂર પહેલી પંક્તિના કોઈ માણસના ભોગની આશા રાખી બેઠો જ છું.

બાળક જુવાન કે બુઢ્ઢા મરે તેથી આપણે શાને ભયભીત થઇયે? એક ક્ષણ એવી નથી કે જ્યારે જગતમાં ક્યાંએ જન્મ અને મરણ થઈ રહ્યાં નથી. જન્મથી રાજી થવું ને મરણથી ડરવું એમાં ભારે મૂર્ખતા છે એમ આપણને લાગવું જ જોઇએ. જેઓ આત્મવાદી છે—અને આપણામાંનો કોણ હિંદુ મુસલમાન પારસી આત્માના અસ્તિત્વને માનતો નથી?—તે તો જાણે છે કે આત્મા મરતો નથી. એટલું જ નહિ પણ જેઓ જીવે છે તે ને મૂઆ છે તે બધા જીવો એક જ છે, તેના ગુણો એક છે, તો પછી જગતનો ઉત્પત્તિ-લય દરેક ક્ષણે થયાં જ કરે છે તેમાં આપણે ખુશી થવાનું શું ને દુઃખી થવાનું યે શું? દેશ લગી આપણી ભાવના જાય ને દેશમાં જન્મ થાય તે બધા આપણે ત્યાં થયા માનીયે તો કેટલા જન્મ ઉજવીયે? દેશમાં મરણ થાય તેને સારૂ રૂદન કરીયે તો આપણી આંખો ભીની જ રહે. આમ વિચારી આપણે મરણભય છોડવો જ જોઇએ.

* * *

અને જે મરણનો ભય છોડશે તેને જેલનો ભય તો હોય જ શાને? વાંચનાર વિચારી જોશે તો તેને માલમ પડશે કે આપણને જે કંઈ ઢીલ સ્વરાજ્ય લેતાં થાય છે તેનું કારણ કેવળ મરણ અને તેનાથી ઉતરતાં દુઃખો સહન કરવાની શક્તિનો આપણામાં અભાવ એ જ છે.

જેમ વધારેમાં વધારે નિર્દોષ માણસો જાણીજોઇને મરણની ભેટ કરવા તૈયાર થશે, તેમ બીજા બચી જવાના; ને ઓછામાં ઓ દુઃખ થવાનું. ખુશીથી સહન કરેલું દુઃખ, દુઃખ મટી સુખ થાય છે જે દુઃખથી ભાગે છે તે રીબાય છે ને દુઃખ આવ્યે અધમૂઓ થ જાય છે. જે આનંદપૂર્વક દુઃખની ભેટ કરવા નીકળે છે તેને પ્ર મનું દુઃખના ખ્યાલથી જ નીપજતું દુઃખ તો હોય જ શાનું? તેનો આનંદ એ ક્લૉરોફૉર્મની ગરજ સારે છે.

આપણે સ્વરાજ જલદીથી મેળવવું હોય તો મરણના વિચાર પણ કરી લેવા જોઇયે. પહેલેથી તૈયારી કરનાર ઘણીવેળા અકસ્માતથી બચી જાય છે તેમ ભલે આપણને અને સ્વદેશી એવી તૈયારી છે એમ મારી દૃઢ માન્યતા છે. સ્વદેશીમાં જીત મળે એટલે આપણી કસોટી કરવાપણું સરકારને કે કોઇને નહિ રહે એમ હું માનું છું.

છતાં આપણે ભૂલમાં ન રહી જઇયે એ પણ જરૂરનું છે. અમલ આંધળો છે ને બહેરો છે. તે પોતાની નજીકના બનાવો જોઇ શકતો નથી; પોતાના કાનમાં પડતા ભણકારા સાંભળી શકતો નથી. ર મદથી છવાઇ રહેલી સરકાર શું નહિ કરે એ કહી ન શકાય. મને લાગ્યું કે દેશસેવકોએ મરણને, જેલને અને એવી ઉપાધિને મિત્ર તરીકે વધાવી લેવાની તૈયારી કરી રાખવી જોઇયે.

શુરવીર જેમ મરણની ભેટ હસતે મુખે કરે તેમ સાવધ રહે છે. શાંતિમય યુદ્ધમાં ગફલતને અવકાશ જ નથી. આ નીતિ વિરૂદ્ધ ગુન્હો કરીને જેલમાં જવું નથી કે ફાંસીએ ચડવું ન આપણે તો સરકારના જુલમી કાયદાઓની સામે થતાં ફાંસી ચઢવું છે.

(તા. ૧૪–૮–૨૧ ના 'નવજીવન' માંથી.

મુદ્રક—જાદવજી પીતામ્બર ઠક્કર; નં. ૯૩, લેડી નાથંકોટ હિન્દુ ઑર્ફ
કે. એન. સેલર પ્રેસ, પરેલ રોડ–મુંબઇ નં. ૧૨.